વિશ્વવિખ્યાત વઢવાણા પક્ષી અભયારણ્ય પર ગંભીર સંકટ

પાણીના અભાવે યાયાવર પક્ષીઓની સુરક્ષા જોખમાઈ

તળાવમાં પાણીનું સ્તર ઘટતા કૂતરા, બિલાડી અને શિયાળ જેવા શિકારી પ્રાણીઓનો ત્રાસ વધ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬

વિશ્વવિખ્યાત વઢવાણા પક્ષી અભયારણ્યમાં આ વર્ષે પાણીના અભાવે ગંભીર કટોકટી સર્જાઈ છે. ઓછા વરસાદ અને તળાવમાં પાણીની નહિવત આવકને કારણે જળસ્તર ચિંતાજનક સપાટથી નીચે ગયું છે, જેનાથી અહીં આવતા વિદેશી પક્ષીઓની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે. ડભોઈ વઢવાણા ખાતે તળાવમાં પાણી ઓછું થવાથી તેના વિશાળ ભાગો સૂકાઈને ખુલ્લા પડી ગયા છે. આ ખુલ્લા મેદાનો જેવા વિસ્તારોના કારણે રખડતા કૂતરા, બિલાડીઓ અને શિયાળ જેવા શિકારી પ્રાણીઓ સરળતાથી પાણીની નજીક અને પક્ષીઓ સુધી પહોંચી રહ્યા છે. શિયાળાની ઋતુમાં હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને આવતા મુગ્ધ પક્ષીઓ માટે આ શિકારી પ્રાણીઓ જીવલેણ સાબિત થઈ રહ્યા છે, જેનાથી પ્રકૃતિપ્રેમીઓમાં ભારે ચિંતા ફેલાઈ છે.

શિયાળાની શરૂઆત થતાં જ યુરોપ, રશિયા, સાઈબેરિયા અને મધ્ય એશિયા જેવા અતિશય ઠંડા પ્રદેશોમાંથી લાખોની સંખ્યામાં યાયાવર પક્ષીઓ વઢવાણા તળાવને પોતાનું અસ્થાયી આશ્રયસ્થાન બનાવે છે. ફ્લેમિંગો, પેલિકન, વિવિધ પ્રજાતિના હંસ અને બતકોથી ધમધમતું આ અભયારણ્ય પક્ષી અભ્યાસુઓ અને પર્યાવરણ પ્રેમીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. પરંતુ, પાણીના અભાવે આ વિદેશી મહેમાનોની સુરક્ષા અને કુદરતી આવાસ પર ગંભીર પ્રશ્નાર્થ ચિન્હ લાગ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પક્ષીપ્રેમીઓ અને સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓએ વહીવટી તંત્ર સમક્ષ ત્વરિત પગલાં લેવાની ઉગ્ર માંગ કરી છે. તંત્ર દ્વારા નર્મદા કેનાલ કે અન્ય જળસ્ત્રોત મારફતે તાત્કાલિક તળાવમાં ૧૧ ફૂટ જેટલું પાણી ભરવામાં આવે, જેથી પાણીનું પૂરતું સ્તર જળવાવાથી તળાવની મધ્યમાં પક્ષીઓ સુરક્ષિત રહી શકે અને શિકારી પ્રાણીઓ અંદર પ્રવેશી ન શકે. આ સાથે અભયારણ્ય વિસ્તારમાં વન વિભાગ દ્વારા કડક ચોકી અને પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી પણ લોકમાગ ઉઠી છે. જો સમયસર યોગ્ય પગલાં નહીં લેવામાં આવે, તો આ પર્યાવરણીય ધરોહરને ગંભીર નુકસાન થઈ શકે છે.

ગુજરાતના પ્રથમ ગ્રીન સ્ટેશન એકતા નગરની મુલાકાત

વડોદરા મંડળમાં મંત્રીનું નિરીક્ષણ, એકતા નગર સ્ટેશન જોઈને ખુશ થયા



વડોદરાથી કનેક્ટિવિટી વધારવા પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

કેન્દ્રીય રેલવે અને જળશક્તિ રાજ્યમંત્રી વી. સોમન્નાએ વડોદરા મંડળ હેઠળ આવતા ગુજરાતના પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશન એકતા નગરની મુલાકાત લીધી હતી. વડોદરા મંડળના મંડળ રેલવે પ્રબંધક રાજુ ભડકે સાથે તેમણે સ્ટેશન પરિસરનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને સ્વચ્છતા, આધુનિક સુવિધાઓ અને ગ્રીન ટેક્નોલોજીની વિગતવાર માહિતી મેળવી હતી.

સ્ટેશન નિરીક્ષણ બાદ મંત્રીએ વડોદરા ડીઆરએમ સાથે એકતા નગર-પ્રતાપનગર રેલવે ખંડનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન ટ્રેક સુરક્ષા, ટ્રેન સંચાલનની કાર્યક્ષમતા અને ચાલી રહેલી વિકાસલક્ષી પરિયોજના ઓની સમીક્ષા કરાઈ હતી. ડીઆરએમ એ મંત્રીને વડોદરા મંડળમાંથી દેશના અન્ય ભાગો સાથે કનેક્ટિવિટી વધુ સારી બનાવવા ચાલી રહેલી વિવિધ પરિયોજનાઓ અંગે માહિતી આપી હતી. ખાસ કરીને તહેવારોની મોસમમાં વડોદરાથી ઉત્તર અને દક્ષિણ ભારત તરફ દોડાવાયેલી સ્પેશિયલ ટ્રેનો અને ભીડ વ્યવસ્થાપન માટે કરાયેલા પ્રયાસો અંગે પણ વિગતવાર જાણકારી અપાઈ હતી.

૧૫ નવેમ્બરની રાત્રે બનેલી ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ

પ્રતાપનગરમાં મહાનગર વુડા હાઉસિંગના ચોથા માળેથી પટકાતાં ૩૫ વર્ષીય યુવકનું મોત

૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડાયા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬

શહેરના પ્રતાપનગર વિસ્તારમાં આવેલ મહાનગર વુડા હાઉસિંગ ખાતે ગત રાત્રે એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. બિલ્ડિંગના ચોથા માળેથી અચાનક નીચે પટકાવાને કારણે ૩૫ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓને કારણે કરૂણ મૃત્યુ નીપજ્યું છે. આ અચાનક બનેલી દુર્ઘટનાથી મૃતકના પરિવારમાં વ્યાપક શોક છવાઈ ગયો છે તેમજ સમગ્ર વિસ્તારમાં હળવો ગમગીન માહોલ છવાઈ ગયો છે.

પ્રતાપનગર સ્થિત મહાનગર વુડા હાઉસિંગમાં રહેતા રાકેશ મુકેશભાઈ માળી, ઉ.વ. ૩૫, ગતરોજ તારીખ ૧૫ નવેમ્બરના રોજ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના જ બિલ્ડિંગના ચોથા માળે હાજર હતા. તે દરમિયાન અચાનક કોઈક કારણોસર તેઓ સંતુલન ગુમાવી કે અન્ય કોઈ સંજોગોવશાત નીચે પટકાયા હતા. ઊંચાઈ પરથી નીચે પડાવાના કારણે રાકેશભાઈને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં જ આસપાસના રહીશો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.

તાત્કાલિક ધોરણે કટોકટીની સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરવામાં આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ ટૂંક સમયમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઈજાગ્રસ્ત રાકેશભાઈને તાત્કાલિક સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. યુવકના અચાનક મૃત્યુથી પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું. આ બનાવ અંગેની જાણ થતાં જ સ્થાનિક વાડી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક હરકતમાં આવ્યો હતો અને હોસ્પિટલ તેમજ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ શરૂ કરી હતી. હાલમાં પોલીસે મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવક કયા સંજોગોમાં કે શું કારણોસર ચોથા માળેથી નીચે પટકાયા તે હજુ સુધી રહસ્યના દાયરામાં છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ અને વાડી પોલીસ દ્વારા આસપાસના લોકોની પૂછપરછ તથા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધર્યા બાદ જ આ દુર્ઘટના પાછળના વાસ્તવિક કારણો સ્પષ્ટ થઈ શકશે.

લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ગલ્લા પાસે બેઠેલા યુવકને માર મારી ગળું પકડી તીક્ષ્ણ હથિયારથી ઘા ઝીંકી દીધા હતા

માણેજા ક્રોસિંગ પાસે જૂની અદાવતમાં યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો, ત્રણ આરોપી ઝડપાયા

પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના માણેજા ક્રોસિંગ વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવત રાખી યુવક પર હુમલો કરવાના બનાવમાં મકરપુરા પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. લેન્ડમાર્ક મોલના પાર્કિંગમાં ગલ્લા પાસે બેઠેલા યુવક સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ ઉશ્કેરાઈને ઝઘડો કર્યો હતો. ત્યારબાદ યુવકને ગડદાપાટુનો માર મારી ગાળાગાળી કરી પાછળથી ગળું પકડી તીક્ષ્ણ હથિયાર વડે ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 115(2), 118(1), 296(બી), 54 તથા જીપી એક્ટની કલમ 135 હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ગોહિલની સૂચના અને માર્ગદર્શન હેઠળ મકરપુરા પોલીસની ટીમે તપાસ હાથ ધરી હુમલામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને સાહીલ જુમનઅલી સૈયદ (ઉ.વ.23), (2) સાહિદ અહેસાનઅલી સૈયદ (ઉ.વ.23), બંને રહે. જયરામનગર, મકરપુરા અને (3) નિરજ સરબજીત યાદવ (ઉ.વ.21), રહે. જશોદા કોલોની, મકરપુરા ને ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

કોટંબી પાસે ફોર વ્હીલરની ટક્કરે ઈજાગ્રસ્ત યુવકનુ સારવારમાં મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા તાલુકાના કામરોલ ગામના રહેવાસી અને યુવા વયના શ્યામ સિન્હાનું કોટંબી-હાલોલ રોડ પર ગત ગુરુવારે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચ્યા બાદ આજે સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માત બાદ સમગ્ર કામરોલ ગામમાં અને પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ગત તારીખ ૧૨/૧૧/૨૦૨૬ ને ગુરુવારના રોજ ૨૫ વર્ષીય શ્યામ સિન્હા કોટંબી ખાતે હાલોલ રોડ પર ચાલીને રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે જ સમયે પૂરઝડપે અને બેફામ રીતે આવી રહેલી એક ફોર વ્હીલર કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શ્યામ સિન્હા રોડ પર ફંગોળાઈ જતા તેમને શરીરના ગંભીર ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ટક્કર માર્યા બાદ વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાસ્થળે હાજર લોકો દ્વારા તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્ત યુવકને નજીકના જરોદ ખાતે આવેલી આશીર્વાદ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

મુખ્ય દરવાજાનું તાળું અને નકૂચો તોડી તસ્કરો ઘરમાં ઘૂસ્યા

મામાના ઘરે જવા પરિવાર સુરત ગયોને તસ્કરોએ છાણીનું મકાન ફેંદી માર્યું, ૩.૫.૨૫ લાખની મતા ચોરી

બાઈક સવાર ચોર ત્રિપુટી સીસીટીવી કેમેરામાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના છાણી વિસ્તારમાં વડોદરા શહેરના છાણી વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી લાખોની મત્તા પર હાથફેરો કર્યો હતો. છાણીની નાની કાછિયાવાડમાં રહેતા શન્ની પરસોતમભાઈ પટેલ (ઉ.વ.30) ધર્માદા શોપિંગ સેન્ટરમાં 'પ્રેરણા' નામે કપડાંની સિલાઈની દુકાન ચલાવે છે. તેઓ પરિવાર સાથે તા.12 નવેમ્બરના રોજ સુરત ખાતે રહેતા મામાના ઘરે જવા નીકળ્યા હતા.

તા.15 નવેમ્બરની વહેલી સવારે પાડોશમાં રહેતા મિત્રનો ફોન આવ્યો હતો કે તેમના ઘરના દરવાજાનું તાળું તૂટેલું છે, લાઈટો ચાલુ છે અને ઘરની અંદર સામાન વેરવિખેર પડ્યો છે. આ જાણ થતાં શન્નીભાઈએ પરિવારને જાણ કરી સુરતથી ટ્રેન મારફતે વડોદરા પરત આવી તપાસ કરતાં ઘરના મુખ્ય દરવાજાનું તાળું અને નકૂચો તૂટેલી હાલતમાં મળી આવ્યા હતા.જ્યારે ટીવી નીચેના ડ્રોઅરમાંથી પર્સના કાગળો બહાર ફેંકેલા હતા.તસ્કરો ઘરમાંથી આશરે 58.5 ગ્રામ સોનાના દાગીના, 1525 ગ્રામ ચાંદીના દાગીના અને રોકડા રૂ.40 હજાર મળી રૂ.5.52 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વેપારી દ્વારા છાણી પોલીસ સ્ટેશનમાં તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.



પત્નીને એરપોર્ટ મૂકવા ગયેલા બેન્ક કેશિયરના બંધ મકાનમાં તસ્કરોનો ૩.૧.૯૬ લાખનો હાથફેરો

મકરપુરા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ.1.96 લાખની મત્તા ચોરી કરી હતી. સ્વામી રેસિડેન્સીમાં રહેતા બેન્ક ઓફ બરોડાના 59 વર્ષીય કેશિયર સંજયકુમાર પત્નીને વહેલી સવારે એરપોર્ટ મૂકવા ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના પેન્ડલ, બુટ્ટી, વીંટી, ચાંદીની પાયલ, વિંછિયા અને રૂ.50 હજાર રોકડ ચોરી કરી હતી.

નવાયાર્ડમાં તિજોરી તોડી રૂ.૯૨ હજારની ચોરી થઇ

નવાયાર્ડના રોશનનગરમાં પરિવારના સભ્યો ઘરમાં સૂતા હતા ત્યારે તસ્કરોએ અગાસીના દરવાજેથી પ્રવેશ કરી લોખંડની તિજોરીનું લોક તોડી રૂ.70 હજાર રોકડા, સોનાની ચેઇન અને કાનનું ઝુમ્મર મળી કુલ રૂ.92 હજારની મત્તા ચોરી કરી હતી. વહેલી સવારે પુત્રવધૂએ તિજોરી ખુલ્લી અને સામાન વેરવિખેર જોતાં ચોરીનો ભાંડો ફૂટ્યો હતો.

અંકોડિયા ગામ વિસ્તારમાં બંધ મકાનનાં તાળાં તોડી રૂ. 1.50 લાખના દાગીનાની તસ્કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના છેવાડે આવેલા અંકોડિયા ગામમાં ચોરીના બનાવોનો સિલસિલો યથાવત રહેતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. તસ્કરો જાણે પોલીસનો કોઈ ડર ન હોય તેમ બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે. યોગેશ્વર કોલોનીમાં જાત્રાએ ગયેલા પરિવારના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ હાથફેરો કર્યો હતો. ઘરમાં રહેલી ત્રણ તિજોરીઓને નુકસાન પહોંચાડી અંદરથી આશરે રૂ. 1.50 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. અંકુરિયા વિસ્તારમાં આવેલી યોગેશ્વર કોલોનીમાં રહેતો પરિવાર જાત્રાએ ગયો હતો. આ દરમિયાન મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ઘરમાં તપાસ કરતાં કિંમતી સામાન રાખેલી ત્રણ તિજોરીઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. તસ્કરો સોના-ચાંદીના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પરિવાર પરત ફરતાં ચોરીની જાણ થતાં સમગ્ર મામલે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

નસવાડી જૂથ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-1 ના પતિએ ગ્રામ પંચાયતના કચેરીના મુખ્ય ગેટ ઉપર તાળું મારી દીધું

નસવાડી જૂથ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને ગ્રામ પંચાયત કચેરીમાં બે કલાક સુધી પુરી દેવાયા

સરપંચ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત મિટિંગ પહેલા વોર્ડ નંબર-1 મહિલા સદસ્ય તેમજ બે સભ્યોને તાળું મારી દઈ પુરી દેતા જેને લઇ સભ્યના પતિએ સરપંચનો પૂર્યો



(પ્રતિનિધિ) નસવાડી, તા.૧૬

નસવાડી જૂથ ગ્રામ પંચાયત છેલ્લા કેટલાક સમયથી વિવાદોના ઘેરામાં છે અવિશ્વાસની દરખાસ્ત સરપંચ વિરુદ્ધ સભ્યો દ્વારા આપવામા આવી હતી જેને લઇ તા.04/11/2026 ના રોજ અવિશ્વાસ પસ્તાવને લઇ મિટિંગ યોજાવાની હતી જેમાં વોર્ડ નંબર -1 ના સભ્ય ભરવાડ રતનબેન ધર્મેશભાઈ તથા વોર્ડ નંબર- 8 ના સભ્ય મેમણ તરન્નુમબાનું અબ્દુલકાદિર તેમજ વોર્ડ નંબર-11 ના સભ્ય શેખ જાવેદઅખતર શહીદમિયા નાઓ મિટિંગના સમયે કચેરીમાં પોહચી ગયા હતા ત્યારે સરપંચ તડવી મેહુલ દ્વારા પોતાની ખુરશી બચાવવા ગ્રામ પંચાયત કચેરીના ગેટ ઉપર તાળું મારી દીધું હતું અને બીજા 8 સભ્યો ઉપર ટેમ્પો ઉપર હુમલો થયો હતો.જેને લઈ અવિશ્વાસ પસ્તાવની મિટિંગ યોજાઈ ના શકી હતી અને બે મહિલા સભ્યો તેમજ એક પુરુષ સભ્યો તથા બેઠક અધિકારી અને તલાટી કમમંત્રીને કચેરીમાં બંધક બનાવવામાં આવ્યા હતા ત્યારે મહિલા સભ્યોના પતિ સરપંચ પાસે આ તાળાની ચાવી માંગતા તાળું ખોલવા કહેતા છતાંય સરપંચ મિટિંગના સમય સુધી તાળું ના ખોલતા આખરે તાળું કટર વડે કાપવામાં આવ્યું હતું અને બંધક સભ્યો તેમજ તલાટીકમમંત્રીને કચેરીની બહાર કાઢયા હતા જેને લઈ ભોગ બનેલા સભ્યોએ સમગ્ર ઘટનાને લઈ જિલ્લા વિકાસ અધિકારીનાઓને લેખિત અરજી કરી હતી અને સરપંચ આવી હિંસા કરવા બદલ ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ની કલમ 57(2) મુજબ તાત્કાલિક સસ્પેન્ડ કરવા માંગ કરી હતી. અને સમગ્ર બાબતે પોલીસ સ્ટેશનમાં પણ અરજી આપી હતી પરંતુ આજદિન સુધી તંત્ર દ્વારા કોઈ પગલાં ના લેવામાં આવતા આટલી મોટી ઘટના બની હોવા છતાંય કોઈ કાર્યવાહી ના થતા સોમવારના રોજ સરપંચ ગ્રામ પંચાયત કચેરીએ પોંહચતા તેની જાણ વોર્ડ નંબર-1 સભ્ય પતિ ભરવાડ ધર્મેશભાઈનાઓને થતા રોષે ભરાયેલા પતિ સરપંચને ગ્રામ પંચાયત કચેરીમાં તાળું મારીને પુરી દીધા હતા બે કલાક સુધી તાળું ખોલ્યું ના હતું જેને લઈ મામલો ફરી ગરમાયો હતો જ્યારે નસવાડી જૂથ ગ્રામ પંચાયતના સરપંચ ભાજપ પ્રેરિત હોવાથી તેને બચાવવા માટે ભાજપના નેતાઓ પ્રયાસ કરે છે અને સભ્યોની નારાજગી ઉકેલવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા.

૩૦ થી ૪૦ ટકા દર્દીઓમાં સુગર અનિયંત્રિત

દિવાળી બાદ ડાયાબિટીસના દર્દીઓની મુશ્કેલી વધી ગઈ

બ્લડ સુગરમાં વધઘટ સાથે ચેપ અને ગંભીર જટિલતાઓનું જોખમ વધ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

દિવાળીના તહેવારોની ઉજવણી બાદ ડાયાબિટીસના દર્દીઓના સ્વાસ્થ્ય પર તેની અસર જોવા મળી રહી છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રેસકોર્સ રોડ, વડોદરાના ઇન્ટર્નલ મેડિસિન વિભાગનાં ડૉ. કરિશ્મા માટાઈના જણાવ્યા અનુસાર, દિવાળી બાદ અગાઉથી ડાયાબિટીસ ધરાવતા અંદાજે 30થી 40 ટકા દર્દીઓમાં બ્લડ સુગર લેવલ અનિયંત્રિત જોવા મળ્યું છે.

તહેવારો દરમિયાન મીઠાઈ અને કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાકનું વધુ પડતું સેવન, ભોજનના અનિયમિત સમય અને કસરતનો અભાવ સુગર વધવાના મુખ્ય કારણો છે. ખાસ કરીને અગાઉ સુગર નિયંત્રણમાં ધરાવતા દર્દીઓમાં પણ ઉતાર-ચઢાવ નોંધાયો છે.ડૉ. માટાઈએ જણાવ્યું હતું કે, લાંબા સમય સુધી અનિયંત્રિત બ્લડ સુગર હૃદય, કિડની, આંખો અને ચેતાતંત્રને નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત શરીરની રોગપ્રતિકારક શક્તિ ઘટતાં ચેપનું જોખમ પણ વધે છે. પાણીનું ઓછું સેવન અને સુગરનું ઊંચું પ્રમાણ ગંભીર કિસ્સામાં ડાયાબિટીક કીટોએસિડોસિસ જેવી જટિલતા સર્જી શકે છે. ડૉક્ટરોએ દર્દીઓને સૂચવેલી દવાઓ નિયમિત લેવા, સંતુલિત આહાર જાળવવા, પૂરતું પાણી પીવા, રોજિંદી કસરત શરૂ કરવા અને બ્લડ સુગરની નિયમિત તપાસ કરાવવાની સલાહ આપી છે.

તહેવારો બાદ સ્વસ્થ જીવનશૈલી તરફ પાછા ફરવું લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

કળિયુગમાં સતયુગ જેવી દિવ્યતાનો અનુભવ !

અટલાદરા BAPS મંદિરનાં બાળ-બાલિકાઓએ કારખાનાઓ અને જ્વેલરી શોરૂમમાં કરાવ્યું મહાપૂજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

આજરોજ BAPS સ્વામિનારાયણ મંદિર, અટલાદરા , વડોદરાનાં બાળકો દ્વારા નૂતન વર્ષના મંગળમય પ્રારંભ નિમિત્તે એક અનોખા અને ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંદિરનાં 130 બાળકો અને 80 બાલિકાઓ મળી કુલ 210 બાળ-બાલિકાઓએ 58 ગ્રુપમાં વિભાજિત થઈ વડોદરાના મકરપુરા, નંદેસરી, પોર સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલા GIDCના આશરે 180 કારખાનાઓ, કંપનીઓ તથા 12 જેટલા જ્વેલરી શોરૂમમાં વિશેષ સત્સંગ દીક્ષા મહાપૂજન વિધિ કરાવી હતી. નાની ઉંમરે બાળકોની આ ધાર્મિક સમજ, શિસ્ત અને સંસ્કારસભર પ્રતિભા સૌના માટે પ્રેરણારૂપ બની હતી. જાણે કળિયુગમાં પણ સતયુગ જેવી અલૌકિક દિવ્યતાનો અનુભવ થતો હોય તેવી ભાવના ઉપસ્થિત સૌએ અનુભવી હતી. યજમાનોએ પણ બાળકોની અદ્ભુત પ્રતિભા, સંસ્કાર, સમર્પણ અને શાસ્ત્રોક્ત જ્ઞાનની મુક્તકંઠે પ્રશંસા કરી ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી. આ સમગ્ર આયોજન દ્વારા બાળકોમાં નાનપણથી જ ધર્મ, સંસ્કૃતિ, સેવા, શિસ્ત અને સંસ્કારોનું સિંચન થાય છે તેવો સુંદર સંદેશ સમાજ સમક્ષ પ્રસ્તુત થયો હતો.

વડોદરામાં પ્રથમવાર ૧૭થી ૨૦ નવેમ્બર દરમિયાન શ્રી જગદ્ધાત્રી દેવીની પૂજાનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૬

નારાયણ બાપુના આશીર્વાદથી માનવસેવા, ગૌસેવા અને પ્રકૃતિસેવાના શ્રમયોગીઓ સાથે આનંદમય દિવાળી ઉજવણી વિશ્વ વંદનીય પૂજ્ય શ્રી દિવાળી માત્ર દીપ પ્રગટાવવાનો તહેવાર નથી; તે પ્રેમ, કરુણા, સહયોગ અને માનવતાના પ્રકાશથી બીજાના જીવનને ઉજ્જવળ બનાવવાનો પવિત્ર અવસર છે. પ્રકૃતિની ગોદમાં, સેવાયોગીઓના ૫૮૨ શ્રમને સન્માન આપતી આ ઉજવણી આનંદ, આત્મીયતા અને સહભાગિતાનો સુંદર સંદેશ બની રહી. આ પ્રસંગે 'વોકમેન ઓફ ઇન્ડિયા' ડૉ. રાજુ એમ. ઠક્કરે પ્રેરક સંદેશ આપતાં જણાવ્યું કે, "ભારતમાતા, ગૌમાતા અને ધરતીમાતાનું સંરક્ષણ કરવું એ માત્ર આપણી જરૂરિયાત નથી, પરંતુ પવિત્ર જવાબદારી પણ છે. આપણે સૌ જાગૃત બની પ્રકૃતિની સેવા અને પર્યાવરણ સંરક્ષણના કાર્યમાં સહભાગી બનીએ." તેમણે વધુમાં ભાવ વ્યક્ત કર્યો કે, "સાચી દિવાળી ત્યારે જ ઉજવાય, જ્યારે આપણા આનંદથી બીજાના જીવનમાં પણ ખુશીઓનો દીપ પ્રગટે. ખુશીઓ વહેંચીએ, સ્મિત પ્રગટાવીએ અને માનવતાના પ્રકાશથી વિશ્વને ઉજ્જવળ બનાવીએ." વિરાટ નારાયણ વનમાં શ્રમયોગીઓ સાથેની આ દિવ્ય દિવાળી એ સંદેશ આપે છે કે જ્યાં સેવા છે ત્યાં સમૃદ્ધિ છે, જ્યાં પ્રકૃતિનું સન્માન છે ત્યાં જીવનનું મંગલ છે અને જ્યાં માનવતાનો દીપ પ્રગટે છે ત્યાં જ સાચી દિવાળી ઉજવાય છે.

ઓનલાઇન ટેન્ડરીંગ
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
''ઇ'' પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.૧૮ સને ૨૦૨૬-૨૭
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી ૦૨(બે) કામો માટે ઓનલાઇન ભાવો એસ.બી.ડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૧૪૨.૫૧ લાખ થી રૂ.૧૦૭૨.૮૮ લાખ સુધીની છે.

ઓનલાઇ ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઇટ http://nwr.nprocure.com પર તા.૧૦/૧૨/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૭/૧૨/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૬૨૪/૨૬)

વડોદરા મહાનગરપાલિકા
પાણી અંગેની અગત્યની જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, વડોદરા મહાનગર પાલિકા હરતકની કરોડિયા વિસ્તારમાં નવીન બનાવેલ કરોડિયા બુસ્ટિંગ સ્ટેશન ખાતે તેને સંલગ્ન ડીલીવરી તેમજ ફીડર નળિકા નાખવામાં આવેલ છે, સદર કામગીરી પૂર્ણ કરેલ છે. જે બાદ આગળની કામગીરીના ભાગરૂપે નાખવામાં આવેલ પાણીની નળિકાની સ્કાવરિંગ કરવાની કામગીરી કરવી અત્યંત જરૂરી હોવાથી તારીખ ૧૮.૧૧.૨૦૨૬થી લાઇન સ્કાવરિંગ ન થાય ત્યાં સુધી ૧) કરોડિયા વૃંદાવન ચોકડી ૨)રૂક્ષમણી રેસીડન્સી 3) શિવ શક્તિ સોસાયટી ૪) પ્રેરણા હિન્દી વિદ્યાલય ૫) રામા બંગલોઝ ૬) સાઈનાથ નગર તથા તેની આજુ બાજુના વિસ્તારોમાં મુખ્ય તથા આંતરીક રસ્તા પર નાખવામાં આવેલ ડીલીવરી નેટવર્કના સ્કાવરિંગની કામગીરીના કારણે સદર વિસ્તારની આજુબાજુમાં રહેતા રહીશોએ સલામતી અર્થે અન્ય વૈકલ્પિક રસ્તાનો અવર જવર માટે વપરાશ કરવો.સદર કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ નં :૪૦૧/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર(પા.પુ.પ્રોજેક્ટ)